## અગ્રતા ક્રમાંક : ૫ પ્રશ્ન ક્ર: ૧૫/૦૪/૧૫૦૫

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના)**

**"ગીરસોમનાથ જીલ્લામાં ઇનસ્કુલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:- શ્રી કાળુભાઇ રાઠોડ (ઉના)**

**પૂરક પ્રશ્ન-: (૧)** ગીર સોમનાથ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કોઇ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સિધ્ધિ કે મેડલ મેળવેલ છે કે કેમ? જો હા, તો વિગતો જણાવશો.

જવાબ : - માન. અધ્યક્ષશ્રી,

હા,

**આંતરરાષ્ટ્રીય કક્ષા**

- ગીર સોમનાથ જિલ્લામાંથી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૧૯માં પ્રથમ સિદ્ધી ટેલેન્ટ હન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાંથી મુરાદ સિરમાનને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજનામાં પસંદ કરવામાં આવેલ.
- **વર્ષ-૨૦૧૯**માં તેની પ્રથમ સ્પર્ધા ઇન્ટર જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ હતી જેમાં તે માત્ર એક જ ખેલાડી જે ૮૦૦ મીટરમાં ભાગ લેવા માટે સક્ષમ હતો.
- **ખેલમહાકુંભ ૨૦૧૯**માં, તેમણે તાલુકા અને જિલ્લા સ્તરે ૮૦૦ મીટર ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો અને ખેલમહાકુંભ રાજ્યકક્ષાએ ભાગ લીધો.
- **વર્ષ ૨૦૨૧**માં નડિયાદ ખાતે યોજાયેલી સ્ટેટ યૂથ નેશનલ ટ્રાઈલમાં તેણે ૪૦૦ મીટર હર્ડલ્સમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો અને સાથે જ નેશનલ યૂથ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ક્વોલિફાય થયો પરંતુ આ સ્પર્ધા કોવિડ રોગચાળાને કારણે સ્થગિત થઈ.
- **ઑગસ્ટ ૨૦૨૨માં, તેને નડિયાદ સ્ટેટ એકેડમી માટે શૉર્ટલિસ્ટ કરવામાં આવેલ જ્યાં તેને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ સેન્ટર ઓફ એક્સલન્સ યોજનાની સુવિધા મળી રહી છે.**
- **સપ્ટેમ્બર ૨૦૨૨ના મહિનામાં, તેણે ૫૩.૮૩ સેકન્ડના સમય સાથે નેશનલ યૂથ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ મેળવ્યો અને એશિયન યૂથ એથ્લેટિક્સ ૨૦૨૨ માટે ક્વોલિફાય માર્કસ હાંસલ કર્યા.**
- **તેમણે ૧૩મી ઓક્ટોબર, ૨૦૨૨ થી ૧૬મી ઓક્ટોબર, ૨૦૨૨ દરમિયાન કુવૈત ખાતે આયોજિત ૪થી એશિયન યુથ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને 400 મીટર હર્ડલ્સ ઈવેન્ટમાં ૫૩.૩૪ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.**

## <u>**રાષ્ટ્રીય કક્ષા**</u>

- ગીર સોમનાથ જિલ્લામાં ચાલતી ઇનસ્કુલ યોજનામાંથી જે. આર. વાળા માધ્યમિક શાળા, સરખડી તા. કોડીનારની આ શાળામાંથી ખેલાડીઓએ રાષ્ટ્રકક્ષાએ સિદ્ધિઓ મેળવેલ છે.
- ઉપરોક્ત શાળામાંથી વોલીબોલ રમતમાં સિદ્ધિઓ મેળવેલ છે.
- <u>આ શાળામાંથી ૧૮ જેટલી બહેનો દ્વારા વિવિધ સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરવામાં આવેલ</u> જેમાંથી છેલ્લા બે વર્ષમાં <u>કુલ ૫ રાષ્ટ્રકક્ષાએ મેડલ મેળવેલ છે.</u>
- જેમાં, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ ૨૪મી યૂથ નેશનલ ચેમ્પિયનશીપ ૨૦૨૨-૨૩ માં વોલીબોલ રમતમાં ગોલ્ડ મેડલ મેળવેલ,
- મધ્યપ્રદેશ ખાતે યોજાયેલ ૨૫મી યૂથ નેશનલ ચેમ્પિયનશીપ ૨૦૨૨-૨૩માં વોલીબોલ રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ, ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ૨૦૨૨-૨૩માં વોલીબોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવેલ.
- પંચકુલા, હરિયાણા ખાતે યોજાયેલ ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ૨૦૨૨-૨૩માં વોલીબોલ રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ.
- સુરત, ગુજરાત ખાતે યોજાયેલ ૩૬ મી નેશનલ ગેમ્સ ૨૦૨૨-૨૩માં બીચ વોલીબોલ રમતમાં સિલ્વર મેડલ મેળવેલ